BRAMPTON

Media Release

ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટન સીટી કાઉન્સિલ ક્વૂબેક પ્રાંતના બિલ-21 સામેની કાનૂની લડતને નાણાકીય સમર્થન પૂરું પાડશે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (15 ડિસેમ્બર 2021) – આજની તેમની વિશેષ બેઠકમાં બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે નેશનલ કાઉન્સિલ ઓફ઼ કેનેડિયન મુસ્લિમ્સ (NCCM), દ વર્લ્ડ સિખ ઓર્ગનાઇઝેશન ઓપ કૅનેડા (WSO) અને કૅનેડિયન સિવિલ લિબર્ટિઝ અસોસિએશન (CCLA)ની કાનૂની લડાઇ માટે $100,000ની નાણાકીય મદદને મંજૂર કરીને આ પડકાર માટે યોગદાન આપનાર પ્રથમ કૅનેડિયન નગરપાલિકા બની છે.

સિટી ઓફ઼ બ્રૅમ્પટન સૌથી વધુ ઝડપથી વિકસતા અત્યંત બહુમુખી સમુદાયો પૈકી એક છે અને આ ટર્મ ઓફ઼ કાઉન્સિલ તેને પોતાની ટોચની પ્રાથમિકતા તરીકે આગળ ધપાવવા પ્રતિબદ્ધ છે. બ્રૅમ્પટન વૈવિધ્યની રંગોળી છે. આ નાણાકીય સહાય આપીને બ્રૅમ્પટન સીટી કાઉન્સિલ તે સિદ્ધાંત માટે સમર્થન જાહેર કરે છે જેનાથી સ્થાનિક સમુદાય તેમજ સમસ્ત કૅનેડા માટે વિવિધતાના મૂલ્યની મહત્તા પુરવાર થાય.

આજની કાઉન્સિલ મીટિંગના ઠરાવમાં નીચે મુજબ જણાવાયું છે:

*કે બ્રૅમ્પટનવાસીઓ ચાર્ટર ઓફ઼ રાઇટ્સ એન્ડ ફ્રીડમના મૂલ્યને સમજે છે; અને*

*કે બ્રૅમ્પટન કાઉન્સિલ માને છે કે વંશવાદનો ભોગ બનેલ સમુદાયોના ભોગે અમર્યાદિત કાનૂની સંસાધનો ધરાવતા ક્વેબેક પ્રાંત સામે આપણે ચાર્ટર અને ધાર્મિક સ્વાતંત્ર્યના પાયાના મૂલ્યનો બચાવ કરવો જોઈએ નહીં; અને*

*તે કે, જો કૅનેડાના મોટા શહેરો જો કાનૂની પડકારને ભંડોળ આપવા માટે સહાય કરે, તો આપણે અસમાનતા દૂર કરીને બન્ને પક્ષોને સમાન તક પ્રદાન કરી ગણાશે કારણકે ફેડરલ સરકાર સામેલ નથી થવા માંગતી ત્યારે આ લડત ન્યાયપૂર્ણ કાનૂની લડત ગણી શકાય નહીં; અને*

*તે કે, સર્વોચ્ચ ન્યાયાલયનો નિર્ણય જો ધાર્મિક સ્વતંત્રતાના ઉલ્લંઘનને મંજૂર રાખે તો બ્રૅમ્પટનવાસીઓ તેમજ સમસ્ત કૅનેડાવાસીઓ માટે નકારાત્મક સંજોગો ઊભા થશે;*

*તેથી ઠરાવ પસાર કરવામાં આવે કે:*
*1. સિટી ઓફ઼ બ્રૅમ્પટન ક્વેબેક બિલ-21માં રહેલ ધાર્મિક સ્વતંત્રતાના ભેદભાવ સામેના કાનૂની પડકારને સમર્થન આપે - જે દેશની સામાન્ય પ્રજા માટે આદર વ્યક્ત કરતું કાર્ય છે*

*2. કાઉન્સિલ ઓફ઼ દ કોર્પોરેશન ઓફ઼ દ સિટી ઓફ઼ બ્રૅમ્પટન એક વખત આપવામાં આવનાર 2021 નો $1,00,000 જેટલી રકમનો ફાળો*

*નેશનલ કાઉન્સિલ ઓફ઼ કેનેડિયન મુસ્લિમ્સ (NCCM), દ વર્લ્ડ સિખ ઓર્ગનાઇઝેશન ઓપ કૅનેડા (WSO) અને કૅનેડિયન સિવિલ લિબર્ટિઝ અસોસિએશન (CCLA)ની સંયુક્ત કાનૂની લડાઇ માટે આપે જ્યાં કર્મચારીગણ ભંડોળના ઉચિત સ્ત્રોતની ઓળખ જાહેર કરશે; અને*

*3. આ ઠરાવની નકલ નીચે આપેલ છે તેઓને મોકલવામાં આવે::*
*એ. કૅનેડિયન બિગ સિટી મેયર્સ, ફ઼ેડેરેશન ઓફ઼ કૅનેડિયન મ્યુનિસિપાલિટિઝ (FCM), અને અસોસિએશન ઓફ઼ મ્યુનિસિપાલિટિઝ ઓફ઼ ઓન્ટારિયો (AMO) જેમાં વિનંતી કરવામાં આવે કે તેઓની સદસ્યતા ધરાવતી તમામ નગરપાલિકાઓ સાથે આ કાનૂની લડતને ટેકો આપવા માટેના નગરપાલિકાઓના યોગદાન મેળવવા માટે શેર કરે; અને*
*બી. tરિજન ઓફ઼ પીલ, સિટી ઓફ઼ મિસિસૉગા, ટાઉન ઓફ઼ કૅલેડન અને તમામ સાંસદો અને ઓન્ટારિઓ મેમ્બર્સ ઓફ઼ પ્રોવિંશ્યલ પાર્લિઅમેન્ટ જેમેની પાસેથી સહાય માટે વિનંતી કરવામાં આવે.*

**હકિકતોનો ટૂંકસાર**

• 2019માં ક્વૂબેક સરકારે એક કાયદાનો (બિલ-21)નો પ્રસ્તાવ મુક્યો હતો જે સરકારી કર્મચારીઓને કામના સ્થળે કોઇ પણ ધાર્મિક ચિહ્નો પહેરતા રોકશે. બિલ-21 એવી વસ્તુઓ પર પ્રતિબંધ ફ઼રમાવશે જેમકે પઘડી, કિરપાન, હીજાબ અને ખ્રિસ્તની પ્રતિકૃતિ સાથેનો દેખીતો ક્રૉસ.
• તે સમયે બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે મોન્ટ્રિઅલ સિટી કાઉન્સિલના તેમના સાથીદારો સાથે હાથ મિલાવ્યા હતાં જેમણે સર્વાનુમતે ક્વૂબેક સરકારના ધર્મ નિરપેક્ષતાના બિલ સામેની ઘોષણાને બહાલી આપી હતી, જે ઘોષણામાં કહેવાયું હતું કે ક્વૂબેક અગાઉથી જ એક ધર્મ નિરપેક્ષ સમાજ છે અને કર્મચારીઓ શું પહેરે ન પહેરે તે અંગેના કાયદાની આવશ્યકતા નથી. બિલ-21 પરના 2019 બ્રૅમ્પટન સીટી કાઉન્સિલ પ્રસ્તાવ અહીં મળી શકશે.
• 2016 ની વસ્તી ગણતરી અનુસાર સિટી ઓફ઼ બ્રૅમ્પટનમાં કૅનેડા ખાતેની ચોથી સૌથી મોટી અને ઓન્ટારિયોમાં ત્રીજી સૌથી મોટી અલ્પસંખ્યકોની વસ્તી છે.
• બ્રૅમ્પટનમાં 234 વિવિધ વંશીય મૂળના લોકો રહે છે જેઓ 115 અલગ અલગ ભષાઓ બોલે છે
• 2011 અને 2016ની વચ્ચે બ્રૅમ્પટનમાં 39,915 આપ્રવાસીઓ એટલેકે ઇમિગ્રન્ટોનું આગમન થયું હતું. જન્મ સ્થળ ભારત હોય તે સૌથી સામાન્ય બાબત રહી છે.
• 2016માં, 52.25 ટકા બ્રૅમ્પટનની વસ્તીનો જન્મ કૅનેડા બહાર થયો હતો.

**સુવાક્યો**

બિલ 21 ભેદભાવપૂર્ણ છે. મને આનંદ છે કે બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે આપણા બહુરંગી સમાજની વિવિધતાની શક્તિને ઓળખી, જે પરિસ્થિતિ ક્વૂબેક તેમજ સમસ્ત કૅનેડામાં પણ છે. ચુંટાયેલા પ્રતિનિધિઓ તરીકે આપણે ક્યારેય ચૂંટણીલક્ષી હેતુઓ માટે પાયાના સિદ્ધાંતોનો વેપાર ન કરવો જોઈએ જે મોટા પાયે દેશને નબળો પાડે છે. ધાર્મિક સ્વતંત્રતા એ પાયાનો સિદ્ધાંત છે જેના સમર્થનમાં માટે આપણે સહુએ એકજુટ થવું જોઈએ, અને જે યોગ્ય છે તેના માટે ઊભા રહેવા બદલ હું સિટી કાઉન્સિલનો આભાર માનું છું."
*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ઼ બ્રૅમ્પટન*

"બિલ-21 સામે ક્વૂબેકવાસીઓની લડતને સમર્થન આપવાની સિટી ઓફ઼ બ્રૅમ્પટનની પ્રતિબદ્ધતા ખા દેશ ફ઼રતેના અન્ય શહેરો માટે ઉદાહરણ

પૂરું પાડે છે કે સત્યની પડખે ઊભા રહીને ઈતિહાસ ઘડવો જોઈએ.. કૅનેડાના એક સૌથી વિવિધતા ધરાવતા શહેર તરીકે બ્રૅમ્પટનમાં અનેક લોકો છે જેઓ ધાર્મિક પહેરવેશ ધારણ કરે છે. આ સમર્થન આપીને સિટી બ્રૅમ્પટન તેમજ કૅનેડામાં વસતા દરેક વ્યક્તિના અધિકારને પ્રમાણિત કરે છે કે તેમનો ધાર્મિક પહેરવેશ ધારણ કરવાનો તેમજ તેઓ જે છે તેવા રહેવું તેમનો અધિકાર છે જેનો બચાવ કરવો આવશ્યક છે. આજે, બ્રૅમ્પટનવાસીઓને તેમની સ્થાનિક સરકારે ખાતરી આપી છે કે લાંબા ગાળાને ધ્યાનમાં લઈને તેમની ધાર્મિક સ્વતંત્રતા સુરક્ષિત રહેશે. અમે સિટી કાઉન્સિલનો વંશવાદનો ભોગ બનેલ સમુદાયોની પડખે ઊભા રહેતા લોકોને મદદ કરવા બદ્દલ અને આપણી નાગરિક સ્વતંત્રતાઓના સમર્થનમાં અર્થપૂર્ણ પગલાં લેવા માટે આભાર માનીએ છીએ."

*- મુસ્તફા ફરૂક, ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર, નેશનલ કાઉન્સિલ ઓફ કૅનેડિયન મુસ્લિમ્સ (NCCM)*

“સિટી ઓફ બ્રૅમ્પટન ધાર્મિક સ્વતંત્રતાના સમર્થનમાં ઊભા રહ્યા અને બિલ-21 સામેના પડકારમાં સહાય કરી તેને આવકારીએ છીએ. WSO, NCCM અને CCLA જેવા સામુદાયિક જૂથો જ્યારે આ ભેદભાવપૂર્ણ કાયદાને ન્યાયાલયમાં પડકાર્યો છે ત્યારે તે જાણવું અગત્યનું છે કે આ એવી બાબત છે જે તમામ કૅનેડાના નાગરિકોના સ્વાતંત્ર્યને સ્પર્શે છે અને ધાર્મિક ભેદભાવ સામે આપણે સહુએ સંગઠિત રહીને સામનો કરવાની જરૂર છે. આપણે આપણા નેતાઓ આપણા સામૂહિક માનવ અધિકારો માટે મજબૂત વલણ અપનાવે તે સુનિશ્ચિત કરવું જરૂરી છે.

*- શરનજીત કૌર, સિનિયર વાઈસ પ્રેસિડન્ટ, વર્લ્ડ સિખ ઓર્ગનાઈઝેશન*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 કરતા વધુ લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca.

.

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ (M
Community Engagement)
વ્યૂહાત્મક સંવાદ (Strategic Communication)
સીટી ઓફ બ્રૅમ્પટન